ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

સોમવાર ૨૯ જુન , ૨૦૨૬

આણંદમાં પ્રવેશોત્સવનો ગાજવીજ સાથે ઉજવાયો , બોર્ડના વર્ષમાં જ પાઠ્યપુસ્તકોની અછત સર્જાતા વાલીઓ અને શિક્ષણવિદોમાં ભારે રોષ

આણંદમાં હજારો વિદ્યાર્થીના હાથ હજુ 'પુસ્તક વિહોણા'!

'ભાર વગરના ભણતર'ના સૂત્ર વચ્ચે વાસ્તવિકતા વરવી

ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ બ્લેકબોર્ડ અને નોટ્સના ભરોસે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદ જિલ્લામાં રાજ્યવ્યાપી પ્રગતિના પ્રવેશોત્સવની તારીખ ૨૩ થી ૨૫ જૂન દરમિયાન ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ રૂટ મુજબ સરકારના અધિકારીઓ, પદાધિકારીઓ તથા શિક્ષણ વિભાગના અધિકારીઓએ સરકારી શાળાઓની મુલાકાત લઈ બાલવાટિકા તેમજ ધોરણ ૧, ૯ અને ૧૧માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરી નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત કરાવી હતી. જોકે પ્રવેશોત્સવ પૂર્ણ થયા બાદ પણ જિલ્લાના મોટાભાગના વિદ્યાર્થીઓ હજુ સુધી પાઠ્યપુસ્તકો વિના અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

ખાસ કરીને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની અનેક શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ સુધીના પાઠ્યપુસ્તકો સમયસર પહોંચ્યા ન હોવાનું સામે આવ્યું છે. પરિણામે શિક્ષકોને અભ્યાસક્રમ શરૂ કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે, જ્યારે વિદ્યાર્થીઓને નોંધો અને બ્લેકબોર્ડના આધારે જ અભ્યાસ કરવો પડી રહ્યો છે. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતના દિવસો

અભ્યાસના પાયાને મજબૂત બનાવવા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા હોય છે, ત્યારે પુસ્તકોના અભાવે શિક્ષણકાર્ય પર સીધી અસર પડી રહી છે.

આણંદમાં ધોરણ ૯ થી ૧૨ બોર્ડની પરીક્ષાઓ તેમજ ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીની દૃષ્ટિએ નિર્ણાયક વર્ષો માનવામાં આવે છે. આવા સમયે પાઠ્યપુસ્તકો ન મળતાં વિદ્યાર્થીઓ સ્વઅભ્યાસ કરી શકતા નથી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં પણ પાછળ રહી જવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. વાલીઓમાં પણ આ બાબતે ચિંતા જોવા મળી રહી છે, કારણ કે શાળા શરૂ થયાને ઘણા દિવસો વીતી ગયા હોવા છતાં અભ્યાસ માટેનું સૌથી મૂળભૂત સાધન એવા પાઠ્યપુસ્તકો હજુ ઉપલબ્ધ થયા નથી.

સરકાર ભાર વગરના ભણતર અને ગુણવત્તાયુક્ત શિક્ષણની વાત કરે છે, પરંતુ આણંદ જિલ્લામાં ઘણા વિદ્યાર્થીઓ માટે હાલ પુસ્તક વગરનું ભણતર વાસ્તવિકતા બની ગયું છે. શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ શિક્ષણ વિભાગ તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરી તમામ શાળાઓમાં પાઠ્યપુસ્તકો વહેલી તકે પહોંચાડે તેવી માંગ ઉઠાવી છે, જેથી વિદ્યાર્થીઓના અભ્યાસને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય અને નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત અસરકારક રીતે થઈ શકે.

શિક્ષણવિદોના મતે પ્રવેશોત્સવ માત્ર ઔપચારિક કાર્યક્રમ પૂરતો મર્યાદિત ન રહેવો જોઈએ

વિશેષ નોંધનીય બાબત એ છે કે આણંદ જિલ્લાના પ્રવેશોત્સવમાં ગાંધીનગરથી આવેલા વરિષ્ઠ અધિકારીઓએ વિવિધ શાળાઓમાં હાજરી આપી વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કર્યું હતું. જોકે શાળાઓમાં પાઠ્યપુસ્તકોની ઉપલબ્ધિ અંગે સ્થળ પર સમીક્ષા થઈ હતી કે નહીં તે અંગે પણ ચર્ચા ઉઠી રહી છે. શિક્ષણવિદોના મતે પ્રવેશોત્સવ માત્ર ઔપચારિક કાર્યક્રમ પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ વિદ્યાર્થીઓને જરૂરી તમામ શૈક્ષણિક સાધનો સમયસર ઉપલબ્ધ થાય તેની ખાતરી કરવી પણ એટલી જ જરૂરી છે.

સંતરામપુરના ધમોતના મોય ગામે જમીન વિવાદમાં લોહીની હોળી

કાકાએ ભત્રીજાની કુહાડીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી

સુરતથી વતન આવેલા યુવક પર પત્નીની નજર સામે જ હુમલો

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૮

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલ ધમોતના મોય ગામે જમીન વિવાદની જૂની અદાવતમાં એક કાકાએ પોતાના જ સગા ભત્રીજાની નિર્મમ હત્યા કરતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ચાર વર્ષ જૂના જમીનના સોદા બાબતે ચાલી રહેલી તકરારનો અંત લોહિયાળ આવતા પરિવારમાં માતમ છવાયો છે.

પોલીસ સૂત્રો અને ફરિયાદ અનુસાર, મૃતક બાબુભાઈ સુરમાભાઈ ધામોત (ઉ.વ. ૩૪) સુરત ખાતે મંડપ ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા અને તાજેતરમાં જ વતન આવ્યા હતા. ચાર વર્ષ પહેલાં વેચેલી જમીનની બાબતમાં તેમના કાકા અર્જનભાઈ મંગળાભાઈ ધામોત સાથે અવારનવાર વિવાદ થતો હતો. તારીખ ૨૭મી જૂન, ૨૦૨૬ના રોજ બપોરે આશરે પોણા બે વાગ્યાના સુમારે અર્જનભાઈએ બાબુભાઈના ઘર પાસે આવી અપશબ્દ કહેવાનું શરૂ કર્યું હતું. જ્યારે બાબુભાઈએ બહાર આવી વારંવાર ઝઘડો કરવાનું કારણ પૂછ્યું, ત્યારે ઉશ્કેરાયેલા કાકાએ આવેશમાં આવી જઈ ભત્રીજા પર હુમલો કર્યો હતો.

કાકા અર્જનભાઈ પોતાના ઘરમાંથી તીક્ષ્ણ કુહાડી લઈ આવ્યો હતો અને બાબુભાઈના માથાના પાછળના ભાગે બે જોરદાર ઘા ઝીંકી દીધા હતા. આ જીવલેણ હુમલાને કારણે બાબુભાઈ લોહીલુહાણ હાલતમાં ઘટનાસ્થળ પર જ ઢળી પડ્યા હતા અને તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. મૃતકના પત્ની આશાબેને બૂમાબૂમ કરતા જ આરોપી અર્જનભાઈ ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

આ ઘટનાની જાણ થતા જ સંતરામપુર પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. મૃતકના પત્ની આશાબેનની ફરિયાદના આધારે પોલીસે આરોપી અર્જનભાઈ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. જમીન જેવા બાબતે થયેલી આ સગાની હત્યાએ માનવીય સંબંધો સામે સવાલ ખડા કર્યા છે.

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ-વે પર અકસ્માત

નડિયાદ પાસે રેલિંગ સાથે કાર અથડાતા યુવાનનું મોત

કારમાં લિફ્ટ લઈને નોકરીએ જઈ રહેલા યુવાને જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

નડિયાદ પાસેથી પસાર થતાં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર સવારે ચકલાસી નજીક એક સફેદ કાર લોખંડની રેલિંગ સાથે અથડાતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં કારની પાછળની સીટ પર બેઠેલા વડોદરાના યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કાર ચાલક અને અન્ય એક વ્યક્તિને ઈજા પહોંચતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મૂળ આણંદના અને હાલ વડોદરાના ખોડિયાર નગરમાં રહેતા કૃણાલ મહેશભાઈ શાહ સાણંદ-સરખેજ હાઈવે પર નોકરી કરતા હતા. તેઓ સવારે નોકરીએ જવા માટે વડોદરા ડુમાડ ચોકડી પાસે વાહનની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે અમદાવાદ જતી એક કારમાં લિફ્ટ લઈને બેઠા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર, એક્સપ્રેસ-વે પર ચકલાસી નજીક ઈમરજન્સી લાઈનમાં આગળ જતી એક આઈસર ગાડીને ડાબી સાઈડથી ઓવરટેક કરવા જતાં આ અકસ્માત નડ્યો હતો. આઈસરે સાઈડ દબાવતા કાર ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને ગાડી ધડાકાભેર લોખંડની રેલિંગ સાથે અથડાઈ હતી. આ અથડામણમાં પાછળ બેઠેલા કૃણાલને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પિતા મહેશભાઈ શાહની ફરિયાદના આધારે ચકલાસી પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

જૂન પૂર્ણ થવા છતાં માત્ર ૧-૨ ઇંચ વરસાદ , આગોતરું વાવેતર સુકાવા લાગ્યું

ખેડામાં વાવણી લાયક વરસાદના અભાવે ખેડૂતોના ચહેરા પર ચિંતા

આગામી એક સપ્તાહ સુધી મોટી સિસ્ટમની શક્યતા નહિવત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

મધ્ય ગુજરાતના હરિયાળા પ્રદેશ ગણાતા ચરોતરમાં આ વર્ષે ચોમાસાની શરૂઆત અત્યંત નબળી રહી છે. જૂન મહિનો પૂર્ણ થવા આવ્યો હોવા છતાં હજુ સુધી વાવણી લાયક નોંધપાત્ર વરસાદ ન થતા ખેડૂતોમાં ભારે ચિંતા વ્યાપી છે. મેઘરાજાએ મુખ ફેરવી લેતા અને વરસાદ આશરે ૧૫ દિવસ જેટલો ખેંચાતા સમગ્ર પંથકમાં કૃષિ કાર્ય ખોરંભાયું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાં મજબૂત લો-પ્રેશર સિસ્ટમનો અભાવ અને અરબી સમુદ્ર પરથી આવતા ભેજવાળા પવનોની ગતિ ધીમી પડતા ચોમાસું આગળ વધી શક્યું નથી. વળી, વાતાવરણમાં સર્જાયેલા એન્ટી સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે વાદળો બંધાયા વગર જ વિખેરાઈ જાય છે. હાલમાં તાપમાન ૩૫ થી ૩૮ ડિગ્રી જેટલું ઊંચું રહેતા ગરમીનો પ્રકોપ યથાવત છે.

ચરોતરના મુખ્ય પાકો જેવા કે ડાંગર, તમાકુ અને શાકભાજીના વાવેતર પર આ સ્થિતિની માઠી અસર પડી રહી છે. વરસાદના અભાવે ડાંગરના ધરૂવાડિયા તૈયાર કરવામાં મુશ્કેલી પડી રહી છે. જે ખેડૂતોએ સિંચાઈની સુવિધાથી આગોતરું વાવેતર કર્યું છે, તેમનો પાક પણ પૂરતા ભેજના અભાવે અને આકરી ગરમીમાં બળી જવાની અણી પર છે.

જો આગામી ૧૦ દિવસમાં વરસાદ નહીં પડે તો ખેડૂતોને બિયારણ અને ખાતર પાછળ કરેલો લાખો રૂપિયાનો ખર્ચ માથે પડવાની દહેશત છે. વાવણીમાં વિલંબ થવાથી પાકના ઉત્પાદન પર પણ સીધી અસર પડી શકે છે. હાલમાં ખેડૂતો આકાશ તરફ મીટ માંડીને બેઠા છે, જોકે નિષ્ણાતો હવે જુલાઈના બીજા સપ્તાહમાં સારા વરસાદની આશા વ્યક્ત કરી રહ્યા છે.

અલબત્ત, ખેડૂતો દ્વારા સિંચાઈ માટે તાત્કાલિક નહેરમાં પાણી છોડવા પણ માગણી કરવામાં આવી છે. જેથી પાકને બચાવી શકાય.

ડાકોર-ઉમરેઠ માર્ગ પર ભયજનક ડાયવર્જન પાસે ટ્રક પલટી જતાં ટ્રાફિક જામ

યાત્રાધામ ડાકોરથી ઉમરેઠ જતા માર્ગ પર શેઢી નદીના બ્રિજ પાસે આવેલા ભયજનક ડાયવર્જન પર રવિવારે એક તોતિંગ ટ્રક પલટી મારી જવાની ઘટના બની હતી, જેના કારણે માર્ગ પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. એ.જી. શાહ પેટ્રોલ પંપ નજીક કામકાજ અર્થે અપાયેલા ડાયવર્જનના જોખમી વળાંક પર ટ્રક ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતા ટ્રક ધડાકાભેર પલટી ખાઈ ગઈ હતી, પરંતુ સદનસીબે ચાલકનો આબાદ બચાવ થયો હતો અને અકસ્માત સમયે આસપાસ કોઈ અન્ય વાહન કે રાહદારી ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. રવિવારની રજા હોવાથી યાત્રિકોના ભારે ધસારા વચ્ચે આ અકસ્માત નડતા વાહનવ્યવહાર ખોરવાયો હતો અને રસ્તાની બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. આ બનાવની જાણ થતા જ ડાકોર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કલાકોની ભારે જહેમત બાદ વાહનોને સાઈડમાંથી પસાર કરાવી ટ્રાફિક પૂર્વવત કર્યો હતો.

પ્રાંત અધિકારીની સૂચના હેઠળ આંકલાવ મામલતદારની ટીમની તાત્કાલિક કાર્યવાહી

ગંભીરા પાસે મહીસાગર નદીમાં ગેરકાયદે રેતી ખનન : દોઢ કરોડનો મુદ્દામાલ જપ્ત

ત્રણ હિટાચી મશીનો અને પાંચ રેતી ખનન કરતી નાવડીઓ ઝડપી પાડી

(પ્રતિનિધિ) આણંદ તા ૨૮

આંકલાવ તાલુકાની ગંભીરા-મહી નદીના પટમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનન સામે આખરે વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. પ્રાંત અધિકારીના માર્ગદર્શન અને સૂચના હેઠળ આંકલાવ મામલતદારની ટીમે નદી કિનારે દરોડો પાડી મોટી કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડા દરમિયાન ગેરકાયદે રેતી ખનનમાં ઉપયોગમાં

લેવાતી ત્રણ હિટાચી મશીનો અને પાંચ રેતી ખનન કરતી નાવડીઓ ઝડપી પાડવામાં આવી હતી. અંદાજે રૂ. 1.50 કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને જવાબદારો સામે દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગંભીરા-મહી નદીના પટમાં લાંબા સમયથી ભૂમાફિયાઓ દ્વારા પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડે તે રીતે બેફામ રેતી ખનન ચાલી રહ્યું હતું. અનેક રજૂઆતો છતાં સંબંધિત તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી ન થતાં ગેરકાયદે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળતું હોવાના આક્ષેપો થઈ રહ્યા હતા.

સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે માત્ર વાહનો અને મશીનો જપ્ત કરવા પૂરતું નહીં, પરંતુ ગેરકાયદે રેતી ખનનના સમગ્ર રેકેટમાં સંડોવાયેલા શખ્સો તેમજ જો કોઈ અધિકારી અથવા તત્વોની મિલીભગત હોય તો તેની પણ નિષ્પક્ષ તપાસ કરીને કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી નદીના પર્યાવરણનું સંરક્ષણ થઈ શકે અને ભવિષ્યમાં આવી પ્રવૃત્તિઓ પર કાયમી અંકુશ આવી શકે.

આણંદ જિલ્લાના ખાણ અને ખનીજ વિભાગની નિષ્ક્રિયતા અંગે થઈ રહી છે. લાંબા સમયથી ખુલ્લેઆમ ચાલતા ગેરકાયદે રેતી ખનન સામે ખાણ-ખનીજ વિભાગે સમયસર કાર્યવાહી કેમ ન કરી તે મુદ્દે અનેક સવાલો ઊભા થયા છે.

નડિયાદમાં બે શખ્સે વેપારીને ધમકી આપી

હિસાબના વિવાદમાં રાત્રે ફેક્ટરીએ બોલાવી આતંક મચાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

નડિયાદના સલુણ - ડાકોર રોડ પર રહેતા અને છેલ્લા 15 વર્ષથી નમકીનનો વ્યવસાય કરતા દલપતસિંહ રાઠોડને ગત 31મી ઓગસ્ટ 2021ના રોજ રાત્રે અતુલ ઠક્કરે ફેક્ટરી પર બોલાવ્યા હતા. દલપતસિંહ ત્યાં પહોંચ્યા ત્યારે અતુલ અને હર્ષકુમાર ઉપરાંત 15 થી 20 માણસોનું ટોળું હાજર હતું. આરોપીઓએ એક સાદા કાગળ પર લખેલા હિસાબ પર સહી કરવા વેપારી પર દબાણ કર્યું હતું. જ્યારે વેપારીએ હિસાબ બાબતે પૃચ્છા કરી ત્યારે આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોબાળો મચાવ્યો હતો.

આ ઘટના સમયે ગામના સરપંચ મનીષ પટેલ અને અમરીશ પટેલ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ અગાઉથી ઓફિસમાંથી મેળવી લીધેલા પેઢીના અસલ કાગળો ખોટા હોવાનું કહી સરપંચને ગેરમાર્ગે દોર્યા હતા અને બળજબરીથી વેપારી પાસે કાચા લખાણ પર સહી કરાવી લીધી હતી.

વર્ષ 2013થી શરૂ થયો હતો વિવાદનો પાયો ફરિયાદીએ વર્ષ 2013માં હર્ષકુમાર અને તેમના કાકાની જગ્યા ભાડે રાખી ધંધો શરૂ કર્યો હતો. ત્યારબાદ વિવિધ ભાગીદારી કરારો અને બેંક લોન દ્વારા ઉદ્યોગ આગળ ધપાવ્યો હતો. જોકે, આર્થિક લેણદેણના વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. હાલમાં નડિયાદ રૂરલ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

હું સરકારી શાળામાં ભણીને IPS બની શક્યો , તો તમે કેમ નહીં? : એસપી

સંતરામપુરમાં ભૂલકાંઓને પ્રોત્સાહિત કરતા મહીસાગર એસપી સફિન હસન

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૮

મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે આવેલ પી.એમ. તાલુકા શાળામાં 'પ્રગતિનો પ્રવેશોત્સવ' થીમ આધારિત કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પોલીસ અધિક્ષક સફિન હસને ૫૫

જેટલા ભૂલકાંઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી અને મોઢું મીઠું કરાવીને ઉત્સાહભેર શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. જોકે, કાર્યક્રમનું સૌથી પ્રેરણાદાયી પાસું વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથેનો માનવીય અભિગમ ધરાવતો સંવાદ રહ્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન જ્યારે બાળકોએ પોલીસ, આર્મી અને ડૉક્ટર બનવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે એસપી સફિન હસને અત્યંત આત્મીયતાથી પોતાના જીવનનો દાખલો આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, તેઓ પોતે પણ સરકારી શાળામાં ગુજરાતી માધ્યમમાં જ ભણ્યા છે અને તેમના માતા-પિતા મજૂરીકામ કરતા હતા. તેમણે બાળકોના આત્મવિશ્વાસમાં વધારો કરતા કહ્યું કે, જો હું સરકારી શાળામાં ભણીને અધિકારી બની શકું, તો તમે પણ મક્કમ નિર્ધાર સાથે તમારું લક્ષ્ય હાંસલ કરી શકો છો.

આ કાર્યક્રમના અંતે, પર્યાવરણના જતન માટે જિલ્લા પોલીસ વડા સફિન હસન હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જે આવનારી પેઢી માટે એક સુંદર સંદેશ બની રહ્યો હતો. આ પ્રસંગે સ્થાનિક પોલીસ અધિકારીઓ, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દીકરીઓના સપનાઓને પાંખો આપવા અપીલ

કન્યા કેળવણીના મહત્વ પર ભાર મૂકતા તેમણે વાલીઓને હૃદયસ્પર્શી અપીલ કરી હતી કે, સમાજ કે અન્ય કોઈના દબાણમાં આવીને દીકરીઓનું ભણતર અધવચ્ચે ન છોડાવવું જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે આજના સમયમાં દીકરી પગભર થાય અને આર્થિક રીતે સક્ષમ બને તે અનિવાર્ય છે. સમાજના ડરથી દીકરીઓના સપના ન રોળાય તે જોવાની જવાબદારી વાલીઓની છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ	ઈશાન ન્યુઝ પેપર એજન્સી
કિશોર પ્લાઝા,	સાગર ભુવન, ડભાણ
આણંદ.	ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225